ૐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર.

અંક -૫ | ૧ જુન-૨૦૧૫ | પાના-૮ | લવાજમ વાર્ષિક - રૂ.૧૦૦/-

## રાજવાણી - સાધન

▪ મનુષ્યત્વ, આર્યદેશ, ઉત્તમકુળ, શારીરિક સંપત્તિ એ અપેક્ષિત સાધન છે: અને અંતરંગ સાધન માત્ર મુક્ત થવાની સાચી જિજ્ઞાસા એ છે.

▪ જે સાધનો બતાવે તે તરવાનાં સાધનો હોય તો જ ખરાં સાધન, બાકી નિષ્ફળ સાધન છે.

▪ દયા, સત્ય, અદત ન લેવું, શમ, સંતોષ, સદ્‌વિચાર એ આદિ સદાચાર એ સત્પુરુષની સમીપ આવવાનાં સત્ સાધન છે.

▪ અસત્સંગ અને સ્વેચ્છાએ વર્તના ન થાય અથવા તેને જેમ ન અનુસરાય તેમ પ્રવર્તનથી અંતવૃત્તિ રાખવાનો વિચાર રાખ્યા જ કરવો એ સુગમ સાધન છે.

▪ સત્સંગ, સત્શાસ્ત્ર અને સદ્‌વ્રત એ ઉત્તમ સાધન છે.

▪ સૌ સાધનમાં મુખ્ય સાધન એવો શ્રી સત્પુરુષનો સમાગમ ગણવો.

▪ અનંતકાળ થયાં જીવનું સંસારને વિષે પરિભ્રમણ છે, અને એ પરિભ્રમણને વિષે એણે અનંત એવાં જપ, તપ, વૈરાગ્યાદિ સાધનો કર્યા જણાય છે. તથાપિ જેથી યથાર્થ કલ્યાણ સિધ્ધ થાય છે, એવાં એકકે સાધન થઈ શક્યા હોય એમ જણાતું નથી. એવા તપ, જપ, કે વૈરાગ્ય અથવા બીજાં સાધનો તે માત્ર સંસારરૂપ થયા છે; તેમ થયું તે શા કારણથી? એ વાત અવશ્ય ફરી ફરી વિચારવા યોગ્ય છે. (આ સ્થળને વિષે કોઈપણ પ્રકારે જપ, તપ, વૈરાગ્યાદિ સાધનો નિષ્ફળ છે એમ કહેવાનો હેતુ નથી, પરંતુ નિષ્ફળ થયાં છે તેનો હેતુ શો હશે? વિચારવા માટે લખવામાં આવ્યું છે.) કલ્યાણની પ્રાપ્તિ જેને થાય છે. એવા જીવને વિષે વૈરાગ્યાદિ સાધન તો ખચીત હોય છે. જે જે સાધન આ જીવે પૂર્વકાળે કર્યા છે, તે તે સાધન જ્ઞાનીપુરુષોની આજ્ઞાથી થયાં જણાતાં નથી, એ વાત સંદેશા રહિત લાગે છે. જો એમ થયું હોત તો જીવને સંસારપરિભ્રમણ હોય નહીં, જ્ઞાની પુરુષોની આજ્ઞા છે તે ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે.

▪ પોતાની કલ્પના કરી સાધન કરે તેથી આત્માર્થ ન થાય, અને ઊલટું આત્માર્થ સાધું છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય કે જે જીવને સંસારનો મુખ્ય હેતું છે. સર્વ પરમાર્થનાં સાધનમાં પરમ સાધન તે સત્સંગ છે, સત્પુરુષનો ચરણ સમીપનો નિવાસ છે. બધા કાળમાં તેનું દુર્લભપણું છે, અને આવા વિષમકાળમાં તેનું અત્યંત દુર્લભપણું જ્ઞાની પુરુષોએ જાણ્યું છે.

## સ્વામી વિવેકાનંદ વાણી-ભાગ.૧૨મો (પત્રોમાંથી)

જે ઘડીએ આપણે લાયક બનશું તે જ ઘડીએ માણસો તેમજ સંપતિનો ઢગલો થશે. મારા વધારે પડતાં પોચાપણાથી અને તમારી ઊર્મિલતાથી આપણે અત્યારે તો પરિસ્થિતિને કદાચ ગુંચવી મારીએ છીએ. વિદ્યા અને ડહાપણ એ બાહ્ય વસ્તુઓ છે, માત્ર સપાટી પરનો ચળકાટ જ છે; પરંતુ હૃદય જ સર્વ શક્તિનું સિંહાસન છે. જ્ઞાનશક્તિ અને પ્રવૃત્તિયુક્ત આત્મા મગજમાં નહિ પણ હૃદયમાં બિરાજે છે.

જ્યારે કોઈ મહાન કાર્ય આરંભાય છે, જ્યારે પાયો નંખાય છે, અથવા રસ્તો બંધાય છે, જ્યારે અતિમાનવ શક્તિની જરૂર પડે છે, ત્યારે એકાદ બે અસાધારણ માનવીઓ જ મુશ્કેલીઓ અને વિઘ્નોના ડુંગરો સામે નીરવપણે અને શાંતિથી કાર્ય કરતા હોય છે. હજારો લોકોને જ્યારે એથી ફાયદો થાય છે, ત્યારે મોટા હર્ષનાદો થાય છે અને આખો દેશ મુક્તકંઠે પ્રશંસા કરે છે. પણ યંત્ર ચાલુ થઈ જાય પછી તો એક છોકરુંય તેને ચલાવી શકે છે, એક મૂર્ખ પણ તેને ગતિ આપી શકે છે. અત્યારે આપણે પાંચ છ સિંહોની જરૂર છે પછી તો સેંકડો શિયાળિયા પણ ઉત્તમ કામ કરી શકશે. દરેક પ્રયત્નમાં ઘણા વિઘ્નોને પહોંચી વળવાનું હોય છે, પરંતુ ધીરે ધીરે માર્ગ સરળ બનતો જાય છે. નિર્ભયતાથી કામ કરો; તેમાં જ વીરતા છે, શાબાશ, ખૂબ ખૂબ શાબાશ!

ભાગલપુરમાં કેન્દ્ર શરૂ કરીને વિદ્યાર્થીઓને જ્ઞાન આપવું અને બીજી પ્રવૃત્તિ કરવી એ વિચાર બેશક સારો છે પરંતુ આપણા આશ્રમો નિરાધાર, ગરીબ, અભણ ખેડૂતો અને મજૂરવર્ગના લોકો માટે છે. પહેલાં એ લોકોને માટે બધું થઈ જાય પછી સમય વધે તો જ તે ઉચ્ચ વર્ગો માટે આપવો.

દરેક માણસ શેઠ બની શકે, પણ સેવક બનવું ઘણું મુશ્કેલ છે આટલું ખાતરી પૂર્વક જાણજો કે ગુરુ પ્રત્યે એક ધારી ભક્તિ તેમજ અખંડ ધીરજ અને ખંત સિવાય કંઈ મળતું નથી. તમારે સંપૂર્ણ નીતિમાન રહેવું જોઈએ. તેમાંથી એક તસુપણ ખસશો તો સદાને માટે તમે ખલાસ છો.

સુખદુ:ખ વચ્ચે આપણું કર્મ ભોગવવામાં સહાય થનાર મિત્રો કે શત્રુ બધાં જ ભગવતીના હથિયાર છે. માટે ભગવતી બધાનું કલ્યાણ કરે. નેતા થવું બહુ કઠિન કાર્ય છે એમાં માણસે સમાજના પગતળે જાતને સંપૂર્ણ કચડાવી નાખવી પડે છે.

હું ભૂત તથા ભવિષ્યમાં દ્રષ્ટિ નાંખુ છું અને બધું બરાબર લાગે છે. મારા અત્યંત દુ:ખમાં પણ પ્રકાશનું કિરણ હોય જ છે.

## સાક્ષાત્કાર પહેલાંની ભૂમિકા

સત્યનો સાક્ષાત્કાર થયા પછી સાધકના જીવન જહાજનું સુકાન સાચે માર્ગે વળે છે. સુકાન ફર્યા વિના સત્યની આરાધના કરતાં કરતાંય સાધકને વૃત્તિને ખરાબે વારંવાર ચડી જવાનો ભય છે. એટલે સાક્ષાત્કાર પહેલાં સાધકે નીચેની ભૂમિકા તૈયાર કરવી જોઈએ.

(૧) દ્રષ્ટિકરણ :- ભૂલોનું ડગલે ને પગલે દેખાવું.

(૨) વિચાર :- પરંપરાને અધ્યાસથી ચાલતા જહાજનું થંભી જવું.

(૩) પશ્ચાતાપ :- પૂર્વપથની અસફળ સફરનો ક્ષોભ

(૪) આકાંક્ષા :- નવીન પથની ક્ષુધા

(૫) જિજ્ઞાસા :- નવીન પથની તીવ્ર અભિરૂચી

## જિજ્ઞાસુના લક્ષણોની સમજ

જિજ્ઞાસુ સાધકના પાંચ લક્ષણો

ક્ષમતા, દમતા, વીરતા, વિવેક, સત્ય નિશાન એ જિજ્ઞાસુ ધીરના લક્ષણ પાંચ પ્રમાણ

૧) ક્ષમતા - શરીરની કાયાની સહન શક્તિ કે યોગ્યતા એટલી કે વાસનાના વિષને પચાવી ઝેરને અમૃતમાં ફેરવી નાખે. મન બીજે જાય તો શરીરની ક્ષમતા એવી કે લેશ પણ ન ડગે.

૨) દમતા - ઈન્દ્રિયોને વચન પરનો સંયમ એવો કે આસ્રવને આવતા જ રોકે. આવી જ ન શકે.

૩) વીરતા - સત્યને પામવા માટે પ્રાણ, પરિગ્રહ, પ્રતિષ્ઠા હોમવાની સતત તૈયારી ને તાલાવેલી દેહ મૂર્છા હોય જ નહીં.

## ક્ષમતા, દમતા, વીરતાનો યોગાર્થ

મકરંદભાઈ દવે યોગપથનું વર્ણન ભૈરવનાથના ભજનમાં બતાવતા કહે છે.

**જરણાને જારો, વખ મત ભાખના**
**નિતનિત મરવું મન માંહી જોગ પથ દૂરા હૈ ભાઈ !**

---

## આ અંકમાં


| | |
|---|---|
| શ્રીમદ્ રાજચંદ્ર વાણી | ૧ સાધન |
| સ્વામી વિવેકાનંદ વાણી | ૧ પત્રોમાંથી |
| મુનિશ્રીસંતબાલજી | ૨ જીવન સાધના ભાગ-૩ માંથી |
| મેનકા ગાંધી | ૩ મીટલેસ મન્ડે |
| મકરંદ દવે | ૪ યુગપુરુષના પગલે |
| મહેબુબ દેસાઈ | ૪ મૂલ્યનિષ્ઠ ક્રિકેટર |
| રવીદ્રનાથ ટાગોર | ૫ નિષ્ઠાનું કામ |
| તંત્રી સ્થાનેથી | ૩ અને ૬ ઉપાય આપણી ફરજ બજાવીએ |
| અરવિંદ પરીખ | ૮ એક માણસ ઈતિહાસ બદલી શકે છે. |



આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય એક સજ્જન મિત્ર તેમજ જયકિશન ભાટીયા, ૮/૩, વૃંદાવન સોસાયટી, એન.એસ. મણિકર માર્ગ, સાયન, ચુનાભટ્ટી, મુંબઈ - ૪૦૦ ૦૨૨. તરફથી મળેલ છે, જેનો હર્ષ તથા આભારની લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.


જરણાને જારો એટલે વાસનાને પચાવવાની શક્તિ સ્થિર કરો (ક્ષમતા) વખ મત ભાખના-ઈન્દ્રિયોના વિષયના વિકારી વિષનો આહાર ન કરો અથવા ઝેરી વાણી ન બોલો (કટુવચન મત બોલ) નિત મરવું મન માંહી રોજ ને રોજ પ્રતિક્ષણે શરીરના પરમાણુ પલટતા રહે છે. અમુક કોશો મરે છે. અમુક નવા થાય છે. ક્ષણે ક્ષણે મનનાં ભાવોનું પણ મરણ થાય છે. આ અનિત્યતા અપ્રમત્ત પણે જે જાુવે છે તેને કશાનો લેપ લાગતો નથી. કર્મથી ખરડાતો નથી, સત્કર્મો કરવાં છતાં તે કર્તાપણું મારીને જીવે છે. પ્રમાદ તે જ મૃત્યુ, જાગૃતિ તે જ અમરતા. જીવન શક્તિને અનિત્ય ભોગોમાં ઝરી જવા દેવી એ જ પ્રમાદ, એ જ મરણ ને એ ઝરણને જાગતા રૈ'ને મારવું તે જીવન. તે જ અમૃત કે અમર પદ.

<u>**સત્ય નિશાન:**</u> ''સત્યના શિખરે ચઢો જગ પેખવા ન જરા મથો'' એ નિશાનને સતત યાદ રાખતો ટહુકો યોગ પથમાં સંભળાય છે. ''સુડલા સત બોલો સત બોલો'' આ સત્ય જ આપણું સાચું ઘર છે.

''સત કબીરકા સત્ત હી ઘર હૈ
સત્ત હી સત્ત મેં રમે ભાઈ'' આવી લગન તે સત્ય નિશાની

## ''યોગપથ''

<u>**વિવેક:**</u> સત્યને જે સહાયક તે ગ્રાહ્ય અને બાધક તે ત્યાજ્ય એવી ઊંડી સમજણ કે હૈયા ઉકલત તે વિવેક. આવો જિજ્ઞાસુ સાધક સાધના દ્વારા આત્મ પ્રકાશ પામે છે. -**સંતબાલજી જીવન સાધના-ભાગ ૩જો પા.૨૫૨/૨૫૩**

પૂ. મુનિશ્રી સંતબાલજી ૧૯૩૭માં નર્મદાકાંઠા પરની સો ફૂટ ઊંચી ભેખડ પર પરમહંસ માધવદાસજીના આશ્રમમાં ૮ માસ એકાંતવાસ સમૌન ચાર્તુમાસ કરેલ એ વખતની સાધના દરમ્યાન જે સ્ફૂરણાઓ-કાવ્યો-પત્રો લખાણા છે તેની અમૂલ્ય સામગ્રી નોંધો હમણા મે.૨૦૧૫માં ''મુનિશ્રી સંતબાલજી જીવન સાધના ભાગ ૩ જો'' પુસ્તક પ્રગટ થયું છે તેમાં છે.

સાચા સાધક માટે આ અમૂલ્ય માર્ગદર્શક બને તેવું પુસ્તક છે. આ સમૌન એકાંતવાસના ફલસ્વરૂપે પૂજ્યશ્રીનું ત્યાર પછીનું જીવન કાર્યો સંસ્થાઓ અને અનેક લોકલક્ષી લોકહિતકારી પ્રવૃતિઓ થયેલ છે.

સંતબાલજી લખે છે. 'વાણીના મૌન સાથે મન પણ શરીર અને એને લગતી સર્વ સામગ્રી નિસર્ગમૈયામાં સમર્પીને ચોખ્ખું અને હળવુંફુલ બની ગયું હતું. ત્યારે હું જે કંઈ જોતો, ચિંતવતો, ગાતો કે લખતો અને વર્તતો તેમાં માત્ર નિસર્ગની તન્મયતા સિવાય કશુંય નહોતું. તે સમયનાં નીરવ શાંતિ અને અનવધિ સુખનું વર્ણન શબ્દોમાં કેમ થઈ શકે? આપણે સ્થૂળ આંખેથી જોઈએ છીએ એનાં કરતાં કુદરતમાં અનંત સૌંદર્ય ભર્યું છે તે જોવાની નવી અંતરદૃષ્ટિનો ખરો ખ્યાલ ત્યારે આવ્યો અને પોતાના ગણાતાં સહુને છોડ્યા પછી પણ વિશ્વમાં ફેલાયેલી જીવ સૃષ્ટિ પોતીકા છે એનું ભાન ત્યારે થયું.' પા.૧૭૫ એકાંતના વૈભવનો આ સાચો ખજાનો છે.

**પુસ્તક મેળવવા માટે** સંપર્ક - મહાવીર નગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, પો. ચિંચણી, જિ. પાલઘર-૪૦૧૫૦૩., રમણીકભાઈ ઘેલાણી, મો. નં. 09819799631. અથવા ગુણવંત બરવાળીયા મો.નં. 09820215542 (મુંબઈ)

# તંત્રી સ્થાનેથી

એક મિત્રનો પત્ર છે કે તમને પત્ર લખતાં હવે ડર લાગે છે કે તમે કદાચ છાપી મારો. (ડરો નહી ઉપયોગી જ છાપશું)

એ જ મિત્ર લખે છે, ''આપની સાધનાનો મૂળ ઉદેશ-લક્ષ દુનિયામાં સ્વચ્છતા. આ માટે આપની મથામણ ઠીક ઠીક છે જ પણ ….. ભલા આજે તો અસ્વચ્છતા ગંદકીના ઢગલા જે અસહ્ય છે તેને ય જો પ્રથમ તબક્કે હઠાવાય તોય ઘણું. વિનોબાજી પ્રથમ પગલારૂપે સાક્ષરતા ગણે છે…. પછી સ્વચ્છતા!!! પછી ય બે સ્ટેપ બાકી જ રહે છે, સુંદરતા અને પવિત્રતા!!! આ તો સ્વપ્નવત વાત છે. ક્યાંક થોડા સ્થળે શક્ય બને. સારી દુનિયામાં તે શક્ય બનાવવું કઠીનમાં કઠીન કામ છે. વળી તમો કહો છે દશ મિનિટમાં જ દુનિયા આખી સ્વચ્છ થઈ જાય તે તમારું સ્વપ્ન છે. આને હાલ તો હું દિવાસ્વપ્ન કહું છું. ધારી લો કે એમ થાય તો પણ પછી શું? ઉત્સર્ગ તો નીકળવાનો જ ને? વળી એની એ અસ્વચ્છતા રહે. આ માટે પાયામાં શિક્ષણ મળવું જોઈએ. શરૂઆત બાળકોથી થવી જોઈએ. આપણે તેને ચોકલેટ કે કેળું આપીએ તો તેનું રેપર છાલ ઘર આંગણે પડેલ મુકેલ કચરા પેટીમાં જ નાંખવું જોઈએ. કોણ આ સમજશે કેટલાને ઘરે-બારણે કચરા પેટી? ન.મો.આ. બધાને આ વાતે નમાવી રહ્યા છે. ઉદેશ ઉત્તમ ગણાય જ પણ એ અભિયાન દેખાવ-પ્રચાર-પ્રસારે જ અટકશે. કંઈક થશે ખરું પણ એ ગણનાપાત્ર નહીં હોય. આગળ લખે છે, ''વિનોબાજીએ પવનારની પાસેના એક ગામમાં બે એક વરસ નિયમિત જાતે એકલાએ સફાઈ કાર્ય કરેલું લોકો જોતા જ રહ્યા. ગંદકી કરતા જ રહ્યા. આજે એ ગામની સ્વચ્છતા જોઈ આવવી જોઈએ. આપનું મીશન-સાધન શરૂમાં ને આજે પણ સ્વચ્છતા જ છે. તેમાં તમોએ મોરારી બાપુને વિગતે તમારા વિચારો અભિપ્રાય લેખીત બધું પહોંચતું કર્યું પણ વિવેકખાતર પણ જવાબ આપને મળ્યો છે? તે પરિણામ કહેશો. ગાંધીથી આ કામ થાય તેમ તમારી શ્રધ્ધા છે. પણ ફરી ગાંધી ક્યારે આવે તે કોણ કહી શકે? યુગો પછી ગાંધી આવે તોય થાય કેટલું?'' આ મિત્ર વરસોથી અમને જાણે છે અવારનવાર રૂબરૂ મળેલા પણ છે.

સ્વચ્છતા એ અહિંસક ક્રાંતિનું પ્રથમ પગલું છે. વિનોબાજીની વાત સાચી છે સ્વચ્છતા-સુંદરતા-પવિત્રતા એ ત્રિવેણી સંગમ છે.

સ્વચ્છતા એ કઠણમાં કઠણ સાધન હોવા છતાં એ સહેલામાં સહેલું કાર્ય છે અને પ્રજા ધારે તો ક્ષણમાં સફળ કરી શકે તેમ છે અને આ દિવાસ્વપ્ન નથી પણ ઈશ્વરકૃપાએ સાધનાના ફળ સ્વરૂપે ઈશ્વર તરફથી મળેલ વરદાન છે. પ્રજાએ આજે, કાલે કે અનંતકાળે પણ એ ફરજ બજાવ્યા વગર છૂટકો નથી અને ત્યાં સુધી આપણી બીજી સમસ્યાઓના ઉકેલ માટે સમસ્યાઓમાં જ ઉલઝતા રહીશું સુખી થવાનો માર્ગ ઈશ્વર સુઝાડે પણ એ માટે પ્રયત્ન તો આપણે જ કરવો જોઈશે ને? ન કરી એ તો એમાં ઈશ્વર શું કરે? 'એ' કઠોરતાનો મેરુ છે તો કરુણાનો સાગર પણ છે.

વિનોબાજી ગાંધીજીને આ કામમાં નિષ્ફળતા મળેલ છે. અને એ નિષ્ફળતામાં જ સફળતાનું અમને દર્શન થયેલ છે. ''ગાંધી વિનોબાની આ વાત પ્રજાએ માની નથી તો તમારું કોણ માનશે? એ ભલે સાચું હોય.'' વળી મિત્ર લખે છે, ''અરવિંદને તો સાથમાં અડીખમ માતાજી મળેલા, તમોને આજે કંઈ વ્યક્તિઓનો સાથ છે કે તમો સ્વચ્છતાને સાકાર દુનિયામાં કરી શકશો? આ અરૂણ્યરૂદન મારુને તમારું હશે છતાં યે માણસે પ્રયત્ન કરતાં જ રહેવું જોઈએ.''

અમારું આ અરૂણ્યરૂદન નથી કે દિવાસ્વપ્ન પણ નથી. મકરંદ દવે એ એક કાવ્યમાં લખેલ છે તે મુજબ.

''જેનું કાંઈ ન હાલે, જેનું કોઈ ના જગે,  
હોંસે હોંસે રહે છે હરિ એના હાથ વગે.''

આ અમારી સ્થિતિ છે. અમે તો દુ:ખનો ઉપાય મળ્યો છે તે કહીએ છીએ, નિષ્ફળતામાં પણ આનંદ અવિચળ રહે છે. સંતોના જીવનમાંથી આ તો શીખવાનું છે ને! ગાંધી વિનોબાની નિષ્ફળતાએ એમની નહીં આપણી નિષ્ફળતા છે અને એની સજા આપણે સહું પ્રજા ભોગવી જ રહ્યા છીએ ને! એ તો રસ્તો બતાવી ગયા, ન ગાંધી વિનોબા દિવાસ્વપ્નમાં હતા કે ન એમનું એ અરૂણ્યરૂદન હતું. સંતોની પાસે તો એક સ્પષ્ટ ચિત્ર હોય છે એ પ્રજાને સ્પષ્ટ કહે છે. એને આકાર તો આપણે જ આપવો પડે ને!

આપણી સમસ્યાનો સહજ થઈ શકે તે ઉકેલ જો મળે તો આપણે કરવો જોઈએ, અને બાકીના પ્રશ્નોમાં જેનો સાથ સહકાર જરૂર હશે તે સમયે સમયે મળતો રહેશે અને એ મળે જ છે હંમેશા એ અમારો અનુભવ છે. અમારી શ્રધ્ધા અવિચળ છે અને એ જ સહુને સદબુધ્ધિ આપશે. બાકી તો આ ઈશ્વરીય કાર્ય છે આપણે સહુતો નિમિત માત્ર છીએ. સફળતા નિષ્ફળતાનો ભાર રાખ્યા વિના જેણે સુઝાડ્યું છે એ જ એ પાર પાડશે.

# 'મીટલેસ મન્ડે' જેવી ઝૂંબેશ ભારતમાં શા માટે નહીં?

વિશ્વમાં સૌથી વધુ મીટ (માંસ) આરોગતું અમેરિકા જ્યારે મીટલેસ મંન્ડે માટે ઝુંબેશ ચલાવતું હોય ત્યારે ભારતમાં ગેરકાયદે કતલખાના ધમધમી રહ્યાં છે. ભારત સરકારે આ વર્ષે ગાયના ચામડાની સૌથી વધુ નિકાસ કરી છે. તે તો ઠીક પણ ભાજપના એક નેતાએ તો કતલખાનાનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. ભાજપને નથી તો ગ્લોબલ વોર્મીંગની ચિંતા કે નથી તો લોકોને શાકાહાર તરફ વાળવાની ચિંતા!! મીટલેસ મંન્ડેની ઝુંબેશને અમેરિકાના લાખો કુટુંબો, સેંકડો હોટલો અને હજારો ફૂડ ડીલર્સે ટેકો આપ્યો છે.

ભારતમાં ગુજરાત સહિતના બે-ત્રણ રાજ્યોએ ગૌમાંસ પર પ્રતિબંધ મુક્યો છે પરંતુ આ પ્રતિબંધ નાટકબાજી સમાન છે. ગાયોને ટ્રકોમાં ભરી-ભરીને કતલખાને લઈ જવાય છે એ ઘટના રોજીંદી બની ગઈ છે. સરકાર પાસે ગેરકાયદે કતલખાના પર પ્રતિબંધ મૂકવાની સત્તા છે. અમેરિકામાં 'મીટલેસ મન્ડે' ની ઝુંબેશ શરૂ થઈ શકે તો ભારતમાં શા માટે નહી? ગ્લોબલ વોર્મિંગની સમસ્યા નિવારવા ભારતે પણ પગલાં લેવા જોઈએ એમ નથી લાગતું? ચૂંટણી પહેલાં વડાપ્રધાન મોદી મીટલેસ ઈન્ડિયા અને પીંક રીવોલ્યુશનની વાતો કરતા હતા પરંતુ વડાપ્રધાન બન્યા પછી તેમની વિચારસરણી બદલાઈ ગઈ હોય એમ લાગે છે. અમેરિકાની જેમ ભારતે પણ મીટલેસ મન્ડેનું અનુકરણ કરવું જોઈએ. ભારતના વડાપ્રધાન મીટના વેપાર પર પ્રતિબંધ મુકે અને ગૌવંશની હત્યાને બચાવે તે ભારતના લોકો માટે આવકાર્ય છે પણ સાથે સાથે મોદીની પોતાની ઈમેજ સુધરે તે માટે પણ આવકાર્ય છે.- **મેનકા ગાંધી, સૌ. ગુજરાત સમાચારમાંથી**

# યુગ પુરુષને પગલે

કોણ આવશે ? કોણ આવશે ? તુજ પંથ રે બાગી!
ઓ અગ્નિપથ અનરાગી!
હે સાધુ બળવાખોર પ્રચંડ ભભૂકતા શાંત હુતાશન!
હે ભવ્ય બલિને મસ્તક પદ સ્થાપી વસનારા વામન!
તું બાળસમો હસનારો ને કાલાગ્નિ ગ્રસનારો,
આ યજ્ઞકુંડના હોમ શિખર પર માંડી અનભે આસન;
બંધ કરો આ ગાન, અંજલિ દાન આંસુઓ ઊના
એ માગી રહ્યો છે પ્રાણ, પ્રાણ જ્યાં પંથ પડેલા સૂના.
સૌ નમી રહો કાં પૂંજી ? કાં પામર હૈયે ધ્રુજી ?
બંધ કરો ઉપહાસ, આરતી ક્ષુદ્ર વંદના વંધ્યા;
નવા જન્મનું પ્રભાત છે આ નથી છવાતી સંધ્યા
આ નથી આરતી શેષ, દર્શનો છેલ્લાં
આ નથી દેવની સ્તુતિ વિસર્જન વેળા
પણ પુરુષ પ્રવર પંડે અમૃતનો પંથ રહે છે ચીંધી.
કોણ આવશે ? કોણ આવશે ? તુજ પંથ રે બાગી!- **મકરન્દ દવે**

કવિને મનમાં પ્રશ્ન ઉઠે છે કે હે બાગી! તારા રસ્તે 'કોણ આવશે ?' તારા અગ્નિપથ પર આવવા કોણ તૈયાર થશે ? આ કોઈ બગીચાનો લીલોછમ, શીતળ, સુગંધ ભરેલો રસ્તો નથી. આ જાતને ઈશ્વરને અર્પણ કરી અન્યાયી સમાજ વ્યવસ્થા સામે બળવો પોકારવાનો ખાંડાની ધાર પર ચાલવાનો રસ્તો છે.

જુઓ તો ખરા, આ કવિ અહીં કેવું આબેહૂબ વર્ણન કરે છે : 'હે સાધુ, બળવાખોર, પ્રચંડ ભભૂતક્તા શાંત હુતાશન!' પ્રચંડ ભભૂકતો હુતાશન અને વળી પરમ શાંત. એ સાધુ છે, બળવાખોર છે, એ ભવ્ય બલિરાજાના મસ્તકે પદ સ્થાપીને વસનારો વામન છે ; વળીએ બાળક સમો નિર્દોષ છે અને સાથે સાથે કાલાગ્નિને ગ્રસી જનારો પ્રચંડ પ્રતાપી છે અને પોતાનું અનભે (નિર્ભય) આસન ક્યાં માંડ્યું છે ? તો કહે છે 'અગ્નિકુંડના હોમ શિખર પર' નીચે અગ્નિકુંડની જ્વાલાઓ ઉપર લપકી રહે છે તે જગ્યાએ. આવું તો તો જ થઈ શકે જો પ્રહલાદ જેવી પૂર્ણ નામ નિષ્ઠા હોય અને તો જ એ કહી શકે કે 'નહીં છોડું રે બાબા રામ નામ.'

અને તેથી જ કવિ કહે છે કે 'બંધ કરો આ ગાન, અંજલિદાન આંસુઓ ઊનાં એ માંગી રહ્યો છે પ્રાણ, પ્રાણ જ્યાં પંથ પડ્યા છે સૂના.' આ તો 'શિર સાટે નટવરને વરીએ' છે. મીરાબાઈ એ ગાયું છે તેમ, 'કોઈ કહે સસતા કોઈ કહે મહેંગા, લીનો તરાજુ તોલ.' આપણે જેને આપણું કહીએ છીએ તે બધું જ આપીને તેને આખેઆખો પામી જવાનો સોદો છે. આપણે આપણી થોડી સીમિત અવસ્થાને છોડીને અસીમ અવસ્થાને પામવી રહેશે એવો એક રીતે સસ્તો સોદો જ કહેવાય છે. આગળ વધતા કવિ કહે છે : સૌ નમી રહો કાં પૂંજી ? કાં પામર હૈયે ધ્રુજી' જ્યાં પૂંજીની બોલબાલા છે ત્યાં તેના ભોગે કશું કરવાની તૈયારી નથી હોતી. એક તરફ વૈભવી દુનિયા છે અને બીજી તરફ વૈભવ સંપન્ન વૈરાગ છે. ત્યારે દુનિયા 'વૈરાગ્ય' ને વંદન કરે છે અત્રે છતાં વૈભવની દુનિયા એ છોડી શકતી નથી. એવી અવસ્થામાં એ વૈરાગ્યની એ પૂજા કરે છે 'વૈભવ' થી. કવિને મન આ આરતી વંદન વ્યર્થ છે, વંધ્યા છે, ક્ષુદ્ર અને ઉપહાસરૂપ છે. એ બધુ એક પ્રકારનો ઢોંગ માત્ર છે. અને તેથી જ કહે છે. 'બંધ કરો ઉપહાસ આરતી ક્ષુદ્ર વંદના વંધ્યા' આતો નવા જન્મનું પ્રભાત છે. આ કોઈ કાળી ડિબાંગ રાત્રીનો આરંભ નથી. 'પણ પુરુષ પ્રવર પંડે અમૃતનો પંથ રહે છે ચીંધી.' એક તરફ સુખાભાસ છે અને બીજી તરફ અમૃતનું સુખ છે. દુનિયા સુખાભાસ તરફ દોડે છે. તેથી જ કવિની આર્ત ચિંતા છે. 'કોણ આવશે ? કોણ આવશે ? તુજ પંથ રે બાગી!' - **પ્રસાદી, અરૂણભાઈ ભટ્ટ, વડોદરા.**

# મુલ્યનિષ્ઠ ક્રિકેટર : હાશીમ આમલા

મુંબઈમાં આતંકવાદી હુમલો થયો. તેના સમાચાર વિશ્વમાં પ્રસરી ગયા અને પુન : હાશીમના ઈસ્લામી સંસ્કારો બોલી ઉઠ્યા,

''આવી માનવ હિંસા કરનાર ઈન્સાન મુસ્લિમ નથી. કોઈ સાચો મુસ્લિમ આતંકવાદી ન હોઈ શકે.''

હાશીમની ઈસ્લામ ધર્મની વિભાવના અને શ્રધ્ધાના કેન્દ્રમાં શુદ્ધ માનવતા છે. ઈસ્લામના પાંચ નિયમો ઈમાન (વિશ્વાસ), નમાઝ, ઝકાત (ફરજીયાત દાન), રોઝા (ઉપવાસ) અને હજજનું ચુસ્તપણે પાલન કરનાર હાશીમ એક મુસ્લિમને છાજે તેવી સુંદર દાઢી રાખે છે. ગમે તે સંજોગોમાં એ પાંચ વખતની નમાઝ પઢવાનું ચૂકતો નથી. શરાબનું બિલકુલ સેવન નથી કરતો એટલું જ નહિ શરાબનું ઉત્પાદન કરતા વ્યવસાય સાથે પોતાનું નામ જાણ્યે અજાણ્યે પણ ન જોડાઈ જાય તેની ખાસ તકેદારી પણ રાખે છે. તેના ક્રિકેટર તરીકેના જીવનમાં તેનું સુંદર અને પ્રશંસનીય દ્રુષ્ટાંત મળે છે.

આજ કાલ ક્રિકેટરોનો મેદાન પરનો પોષાક જાહેરાતનું હરતું ફરતું બોર્ડ બની ગયો છે. તેના પર અનેક કંપનીઓ-સ્પોન્સરોના લોગો અને નામો ચારે બાજુ ચિતરાયેલા હોય છે. જેના અઢળક નાણા ક્રિકેટરોને મળે છે. દક્ષિણ આફ્રિકામાં રાષ્ટ્રીય ક્રિકેટર તરીકે હાશીમની પસંદગી થઈ અને તેના મેદાન પરના પોષાક પર દારૂ અને બીયર બનાવતી દક્ષિણ આફ્રિકાની મોટી કંપની કેસ્ટલનો લોગો આવ્યો. દરેક ક્રિકેટરે તે સ્વીકારી લીધો પણ હાશીમે તેનો વિરોધ કર્યો. દારૂ અને બીયરનો પ્રચાર કરતી કંપનીનો લોગો પોતાના પોષાક પર ન રાખવા તેણે ક્રિકેટ બોર્ડને વિનંતી કરી. આ અંગે પણ દક્ષિણ આફ્રિકામાં કાફી વિવાદ થયો પણ હાશીમ મક્કમ રહ્યો. તેણે ક્રિકેટ બોર્ડને કહ્યું, 'ઈસ્લામના નિયમ મુજબ દારૂનું સેવન કરવું, તે સેવન કરનારની મદદ કરવી, તેનું નિર્માણ કે વેચાણ કરનારને તેના કાર્યમાં કોઈ પણ રીતે મદદ કરવી એ મોટો ગુનાહ છે. એટલે હું મારા પોષાક પર કેસ્ટલ કંપનીનો લોગો નહિ લગાડું' અને દક્ષિણ આફ્રિકાના ક્રિકેટ બોર્ડે હાશીમની વાત સ્વીકારી અને હાશીમના મેદાન પરના તમામ પોશાકો પરથી કેસ્ટલ કંપનીનો લોગો દૂર કરવામાં આવ્યો. ઈસ્લામના આવા માનવીય સિદ્ધાંતોને જીવનમાં સાકાર કરનાર રમતવીરને તેમના આવા વલણ અંગે એક પત્રકારે કહ્યું, તમે તો એક રમતવીર કરતા એક સંત જેવી વાતો કરો છો અને ત્યારે સહેજ સ્મિત કરતા હાશીમે કહ્યું, હું સાચ્ચે જ સંત નથી. પણ ઈસ્લામની જીવન પદ્ધતિએ મને સારા ક્રિકેટર બનવામાં અવશ્ય મદદ કરી છે. હું દારૂ નથી પીતો. પાંચ વખતની નમાઝ પઢું છું, જે મને માનસિક શાંતિ અને સ્વસ્થતા આપે છે. જેના કારણે મારી રમતમાં હું મારું પૂર્ણ સત્ત્વ રેડી શકું છું. આવા મૂલ્યનિષ્ઠ ક્રિકેટરને સો સો સલામ.- **ડૉ. મહેબૂબ દેસાઈ- જન્મભૂમિમાંથી સાભાર.**

# નિષ્ઠાનું કામ

નિષ્ઠા કેવળ આપણને શુષ્ક કઠિન માર્ગે થઈને અથાક ખંતથી ચલાવી લઈ જાય છે એટલું જ નહિ, તે આપણને સતત સાવધ રાખે. રોજ રોજ એકધારું ચાલ ચાલ કરવાને લીધે આપણામાં શિથિલતા અને બેધ્યાનપણું આવી જાય છે. નિષ્ઠા કદી ભૂલવા માગતી નથી - તે આપણને ઢંઢોળીને કહે છે, આ શું થાય છે ? આ શું કરો છો ? તે આપણને યાદ દેવડાવે છે કે ઠંડે પહોરે જો આગળ નહિ વધો તો તડકી વખતે હેરાન થશો. તે આપણને બતાવે છે કે તમારા પાણીના વાસણના છિદ્રમાંથી પાણી ટપકી જાય છે, તરસ લાગશે ત્યારે શું કરશો ?

આપણે આખો દિવસ કંઈ કેટલીય રીતે શક્તિ વેડફી નાખીએ છીએ તેનો પાર નથી હોતો - કેટલીય નકામી વાતોમાં કેટલાંય નકામાં કામોમાં. નિષ્ઠા અચાનક આપણને યાદ દેવડાએ છે કે આ જે વસ્તુને તમે આમ વેડફી નાખો છો એ ખૂબ કામની વસ્તુ છે. જરા મૂંગા રહો, જરા શાંત રહો, આટલું બધું વધારે પડતું બોલશો નહિ, આમ પ્રમાણ બહાર ચાલશો નહિ, જે પાણી પીવા માટે જતનપૂર્વક સંઘરવાની જરૂર છે તેમાં નકામા પગ બોળીને બેસશો નહિ. આપણે જ્યારે પોતાનું ભાન ભૂલીને કોઈ તુચ્છતામાં છેક ગળા સુધી ડૂબી ગયા હોઈએ છીએ ત્યારે પણ તે આપણને ભૂલતી નથી - કહે છે આ શું માંડ્યું છે ? તે આપણી છાતી પાસે જ બેઠેલી હોય છે, કશું જ તેની નજર બહાર જતું નથી.

સફળતાની નજીક પહોંચીએ છીએ ત્યારે પ્રેમનું સહજ ડહાપણ પ્રાપ્ત થાય છે, અને પ્રમાણભાન આપોઆપ પ્રગટે છે. સ્વભાવ કવિ જેમ સ્વાભાવિક રીતે જ છંદ સાચવીને ચાલે છે તેમ આપણે પણસ્વાભાવિક રીતે જ જીવનને આદિથી તે અંત સુધી સૌંદર્યમાં વિશુદ્ધ ભાવે નિયમિત કરી શકીએ છીએ, તે સ્થિતિમાં સ્ખલન થવું જ મુશ્કેલ બની જાય છે, પરંતુ રિક્તતાના દિવસોમાં જ્યારે એ આનંદની સ્વાભાવિક શક્તિ હોતી નથી ત્યારે ડગલે ને પગલે યતિભંગ થાય છે ; જ્યાં થોભવા જેવું હોય છે ત્યાં ઉતાવળ કરીએ છીએ. એ વખતે આ કઠોર નિષ્ઠા જ આપણી એકમાત્ર સહાયતાં હોય છે. તે ઊંઘતી નથી, તે જાગતી જ હોય છે. તે કહે છે, આ શું ? આ પેલો ગુસ્સાનો લાલ રંગ દેખાય. આ તું તારી જાતને વધારે મહત્ત્વ આપવાનો પ્રયત્ન કરે છે ! આ તારી સ્મૃતિમાં વેરનો કાંટો ભોંકાઈ રહ્યો છે. કેમ, તું આમ ગુપ્તપણે આટલો બધો ખળભળી કેમ ઊઠ્યો છે ? આ તું રાતે સૂવા જાય છે પણ એ પવિત્ર નિર્મળ નિંદ્રાના ઓરડામાં પ્રવેશ કરવા યોગ્ય શાંતિ તારા અંતરમાં ક્યાં છે ?

સાધનાના દિવસોમાં નિષ્ઠાની આ સતત સાવધતાનો સ્પર્શ એ જ આપણો સૌથી મોટો આનંદ હોય છે. આ નિષ્ઠા જાગતી બેઠી છે. એ વાતનો જેમ જેમ અનુભવ થતો જાય છે તેમ તેમ આપણી છાતીમાં હિંમત આવતી જાય છે. જો કોઈ દિવસ કાંઈ આત્મવિસ્મૃતિના ખરાબ ચોઘડિયે એ નિષ્ઠાને ન જોવા પામીએ તો જ આફત માનીએ. જ્યારે ચરમ મિત્ર મળતો નથી હોતો ત્યારે આ નિષ્ઠા જ આપણો પરમ મિત્ર બનીને રહે છે. એની કઠોર મૂર્તિ પ્રતિદિન આપણી સામે શુભ્ર સૌંદર્યથી મંડિત થઈ ને ખડી થાય છે. જવાના મુકામ પ્રત્યે કોલમ્બસનો વિશ્વાસ જ્યારે દ્રઢ થયો ત્યારે નિષ્ઠાએ જ તેને માર્ગની રેખા વગરના અજાણ્યા સમુદ્રમાં રોજ રોજ હિંમત આપી હતી. તેના ખલાશીઓમાં એ વિશ્વાસ દ્રઢ નહોતો, તેમને સમુદ્રયાત્રામાં નિષ્ઠા પણ નહોતી. તેમ છતાં કોલમ્બસની નિષ્ઠા, બહાર કોઈ નિશ્ચિત ચિહ્ન દેખાતું નહોતું છતાં મૂંગી મૂંગી ચાલ્યા કરતી હતી. પણ આખરે સ્થિતિ એવી થઈ કે ખલાસીઓને વધુ રોકી રાખી શકાય એમ ન રહ્યું. તેઓ વહાણ પાછું ફેરવવાની અણી ઉપર આવ્યા. એવામાં ચિહ્નો દેખાયાં, કિનારો આવ્યો છે એ વિશે કોઈ શંકા ન રહી. તરત જ બધા આનંદમાં આવી ગયા, બધા જ ઉત્સાહમાં આગળ જવા ઈચ્છવા લાગ્યા. બધા જ કોલંબસને મિત્ર સમજવા લાગ્યા, શાબશી આપવા લાગ્યા.

સાધનાની પ્રથમ અવસ્થામાં કોઈની સહાય હોતી નથી - બધા જ શંકા પ્રગટ કરતા હોય છે, બધા જ વિઘ્નો નાખતા હોય છે. બહાર પણ એવાં કોઈ સ્પષ્ટ ચિન્હો દેખાતાં નથી જેને આપણે સાચી શ્રદ્ધાનાં સ્પષ્ટ પ્રમાણ તરીકે પોતાની અને બધાની આગળ રજૂ કરી શકીએ. તે સમયે એ સમુદ્રની વચમાં શંકા અને વિરોની વચ્ચે નિષ્ઠા એક ક્ષણ પણ આપણો સાથ ન છોડે તો સારું. જ્યારે કિનારો પાસે આવશે, જ્યારે કિનારાજનાં પંખી ઊડતાં ઉડતાં આવી તમારા સઢના થંભ ઉપર બેસશે, જ્યારે કિનારાના ફૂલ સાગરનાં મોજાં ઉપર નાચશે, ત્યારે શાબાશી, અને અનુકૂળતાની ખોટ નહિ રહે ; પરંતુ ત્યાં સુધી તો રોજ રોજ નિષ્ઠા - નૈરાશ્યજથી નિષ્ઠા, આઘાતસહિષ્ણુ નિષ્ઠા, બહારના ઉત્સાહની અપેક્ષા ન રાખનાર નિષ્ઠા, નિન્દાથી અવિચલિત નિષ્ઠા એ જ આપણો આધાર છે. કોઈ પણ ઉપાયે, કોઈ પણ કારણે એ નિષ્ઠા આપણને છોડી ન જાઓ, તે હોકાયંત્ર તરફ જોતી રહો, તે સુકાન પકડીને કાયમ બેસી રહો.- **રવીન્દ્રનાથ ટાગોર - સૌ. શાંતિનિકેતન પુસ્તકમાંથી.**

## રણકાર

ભારત એટલે શ્રદ્ધા અને ભક્તિનો દેશ. ભારતની આ લાક્ષણિકતાને સૌ જાણે છે અને ભારતીયો પણ પિછાણે છે. જોકે ભૌતિક વિકાસ અને વિદેશની અસરને લીધે નવી પેઢીના ભારતીયોને ઘણીવાર એવું લાગે છે કે ભગવાનમાં આટલી શ્રદ્ધા અને આવો વિશ્વાસ એ બધું નકામું છે. ગજરાજના માથાવાળા દેવ અને જ્યાં વાનર પણ ઈશ્વરનું રૂપ હોય એ દેશ છે આ કોઈ એને અજાયબી કહે તો શું પણ શ્રદ્ધા સાચી છે એ મુદ્દો કેમ અવગણી શકાય ? નવી પેઢીએ એટલું સમજવું પડે કે શ્રદ્ધા તો આજે પણ વિશ્વના દરેક દેશમાં, દરેક લોકોમાં પ્રબળ છે. વાંધો એ છે કે સૌને ભગવાન યાદ આવે છે મુશ્કેલીમાં અમેરિકનો આજે પણ ચર્ચ અને મધર મેરીને એટલું જ માને છે જેટલું બાંદરાના કે ભુવનેશ્વરના ખ્રિસ્તીઓ. ઊલટાનું, ધર્મના નામે કટ્ટરવાદ અને ધર્મને માર્કેટિંગ કરીને ધમધમતો રાખવાનું કામ આપણા કરતા અનેકગણા જોર સાથે તે લોકો કરે છે. ધર્મ, ધરતી અને પરિવાર, આ ત્રણની જેમને કદર હોય એ માણસો જ સાચા માણસ છે એ સત્ય તો સ્વીકારી જ લો. આ ત્રણ વિના દુનિયાનાં દરેક સુખ મોળાં અને ઓછા લાગશે. પોતાના ધર્મનું અનુસરણ અને પરધર્મનો આદર તો કરવો જ. શ્રદ્ધાને મૂર્ખામી નહીં ગણો કેમ કે જ્યારે આફત આવે છે ત્યારે સૌથી પહેલાં પૈસા નહીં, પરમેશ્વર જ યાદ આવશે અને માબાપ જ યાદ આવશે. શંકાઓને પડતી મૂકીને ઈશ્વરની અજેયતાને સ્વીકારી તો જુઓ. આપોઆપ અનેક ફેરફાર થતાં અનુભવશો.

# પર્યાવરણપ્રધાન પ્રકાશ જાવડેકરનો ચોંકાવનારો ઘટસ્ફોટ

કેન્દ્રીય પર્યાવરણપ્રધાન પ્રકાશ જાવડેકરે 'પ્લાસ્ટિક કૅરીબૅગ-ફ્રી ઈન્ડિયા' ઝુંબશનો હૈદરાબાદમાં પ્રારંભ કરતાં એક ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો અને કહ્યું હતું કે દેશમાં રખડતી અને મૃત્યુ પામતી દરેક ગાયના પેટમાંથી કમસે કમ ૩૦ કિલોગ્રામ પ્લાસ્ટિક નીકળે છે. આ બહુ જ ગંભીર બાબત છે.

'દેશમાં ૪૦ માઈક્રોનથી ઓછી ઘનતાની પ્લાસ્ટિક બૅગ પર પ્રતિબંધ છે અને એનાથી પાતળી પ્લાસ્ટિક બૅગને રીસાઈકલ કરી નથી શકાતી. આખરે ચારે તરફ એવી પ્લાસ્ટિકની પાતળી બૅગો ફેલાતી રહે છે.'

'દેશમાં દરરોજ પ્લાસ્ટિકનો ૧૫,૦૦૦ ટન કચરો પેદા થાય છે. એ પૈકીના ૯૦૦૦ ટન પ્લાસ્ટિકના કચરાને જ ક્લેક્ટ કરી શકાય છે. એથી દેશભરમાં પ્લાસ્ટિકના ગંજ ખડકાય છે.'- **સૌ. મીડ ડે.**

**તંત્રી:** આ સુઝલામ સુફલામ ધરતીને કુફલામ બનાવવા માટે જવાબદાર આપણે જ ને! હમણા મુલુંડ, મુંબઈ ડમ્પીંગ ગ્રાઉન્ડ જ્યાં બાર વાર્ડનો રોજનો ૨૫૦૦ ટન કચરો નાંખવામાં આવે છે ત્યાં ૧ અને ૧૩ તારીખે કચરામાં આગ લાગેલ. મહામુશ્કેલ એ આગ બુઝાયેલ. દિવસો સુધી ધુમાડો સતત ચાલુ જ રહેલ આમ પણ ડપીંગ ગ્રાઉન્ડમાં મિથેન ગેસ પેદા થાય છે અને ધુમાડો પ્રાયઃ રહે છે. આજુબાજુ જે લોકો રહે છે તેની કઠણાઈની કલ્પના કરી શકીએ છીએ. આ માટે જવાબદાર આપણે શહેરીજનો જ છીએ. વચ્ચે મીરા રોડ (મુંબઈ) નો કચરો ઉતન ગામ નજીકમાં નખાતો હતો. ગામડાના લોકો દુર્ગંધ અને બીમારીથી કંટાળી ગયેલા અને આંદોલન કરી કચરાની ટ્રકોને રોકી દીધેલ. મીરા રોડનો કચરો ઉપાડે તો નાંખે ક્યાં એ પ્રશ્ન ઉભો થયો. પંદર દિવસ સુધી મીરા રોડ ગંધાઈ ઊઠ્યું. ઠેર ઠેર ઉકરડાના ઢગલા થયેલા. કંઈક કામચલાઉ ઉપાય કર્યા હશે ને ૧૫ દિવસ પછી કચરો ઉપાડવાનું શરૂ થયેલ. શું ડપીંગ ગ્રાઉન્ડ આસપાસ રહેતા લોકો આવો કઠોર રસ્તો લેશે ત્યારે શહેરીજનોની આંખ ઉઘડશે? શહેરીજનોએ ''ઝીરો ગાર્બેજ'' પ્રણાલી અપનાવ્યા વિના છૂટકો નથી. પ્રશ્ન વિકરાળ બની ગયો છે હવે તો જાગીએ.

## ઉપાય-આપણી ફરજ બજાવીએ

ધરતીને ધરતીનું પાછું આપો આ નિયમ છે. એક દેશ લગભગ સ્વીટઝરલેન્ડ કચરામાંથી ગેસ-વીજળી મેળવે છે. અને કચરો ઓછો પડે છે તેથી બીજા દેશમાંથી કચરાની આયાત કરે છે. કચરો પણ કિંમતી જણસ છે.

'ગોરક્ષા પાત્ર' નામ સુઝેલ તેનો મૂળ અર્થ છે કે કચરો કચરા પેટીમાં 'ગોરક્ષા પાત્ર'માં વ્યવસ્થિત નાંખીએ એટલે કે ભીનો કચરો, સુકો કચરો, કાગળ, પ્લાસ્ટીક, લોખંડ, કાચ વિ. અલગ અલગ જમા કરીએ. મ્યુ. એ જ રીતે અલગ અલગ લઈ જાય અને જ્યાં અને જે કારખાનામાં જરૂર હોય ત્યાં રીસાઈકલીંગ માટે પહોંચાડે જેથી ડપીંગ કરવાની જરૂર ન પડે. તરત સમૃધ્ધ ખાતર ભીના કચરાનું બને. મ્યુ. ને આવક થાય કચરાની પ્રજા રોગ અને બિમારીથી બચે અને કરોડો રૂપિયા દવાખાનાના ખર્ચમાંથી પ્રજા બચે. 'વેસ્ટ માંથી બેસ્ટ' બને.

**ક્રમશ: પાના નં.૭ પર**

# સમજણ - સમસ્યા અને સમાધાન

## સમસ્યા

વ્યક્તિની, કુટુંબની કે સંસ્થાની ગેરસમજણમાંથી સમસ્યાનો જન્મ થાય છે, સમસ્યા ભલે ઊભી થાય પરન્તુ મન મોટું રાખીને સમસ્યા હલ કરવા ત્યાગ અને સમર્પણની ભાવના રાખવી જોઈએ.

આમ કરવાથી ગેરસમજ દૂર થશે અને સમસ્યાનો અંત આવશે, સમય અને સમજણ નસીબદાર માણસોને એક સાથે મળે છે. કારણકે બાલ્યાવસ્થામાં સમય હોય ત્યારે સમજણ હોતી નથી અને યુવા અવસ્થામાં જ્યારે સમજણ આવે છે ત્યારે સમય હોતો નથી.

દરેકના જીવનમાં કોઈને કોઈ સમસ્યા હોય છે, નાનાને નાની અને મોટાને મોટી સમસ્યા હોય છે, સમસ્યા નથી એવું કોઈ જીવન નથી અને સમાધાન નથી એવી કોઈ સમસ્યા નથી, સમસ્યાના મૂળમાં જ તેનું સમાધાન છૂપાયેલું હોય છે.

સમાજમાં સમજના અભાવે પ્રશ્નો ઉભા થાય છે, સબંધીઓ વચ્ચે દિવાલ રચાય છે, ગાઢ સંબંધો પલવારમાં તૂટી જાય છે, પોતાના થોડા એવા સ્વાર્થ માટે સામાવાળાનું પારાવાર નુકશાન કરી નાખે છે, સ્વાર્થીલો મનુષ્ય અંધ બની જાય છે તેની દ્રષ્ટિ સીમિત બની જાય છે તેને પોતાના લાભ સિવાય બીજું કશું જ દેખાતું નથી, પોતાના સ્વાર્થ-લાભ માટે અસત્ય, અનીતિ અને જુઠનો આશ્રય લેતા અચકાતો નથી, સંકોચ અનુભવતો નથી.

સમાજમાં સમજણના અભાવે અનેક પ્રશ્નો ઉભાં થાય છે. સાચી સમજણ, જતું કરવાની ભાવના, ઉદાર મન-દિલ હોય તો મનદુઃખ-સમસ્યાઓનો સુખદ અંત આવે છે. આજે મગજ મોટા અને દિલ સાંકડા થઈ ગયા છે એટલે સંબંધો તૂટે છે અને સ્વજનો વગર વાંકે પરેશાન થાય છે.

મનુષ્ય સત્યની, નીતિમત્તાની, ધાર્મિકતાની, ઉદારતાની અને પ્રમાણિકતાની ઉપર છલ્લી વાતો કરીને પોતાની અસલીયત છૂપાવતો હોય છે પરન્તુ તેને ખબર નથી કે ઈશ્વર પાસે તલભાર પણ છાનું નથી. વિશ્વમાં કશું પણ કાયમી નથી, ''હોળીને'' યાદ કરો! એટલે કે સમસ્યાને સળગાવો. - સમાધાનને પ્રગટાવો.

## સમજણ-સમાધાન

જગત આવું છે પરન્તુ આમાંથી બચવા મનુષ્યે પોતાના આચાર ધર્મ નક્કી કરી લેવા જોઈએ અને એ આચાર ધર્મ ક્યારે આવશે!

તમારો નિત્ય સંબંધ પ્રભુ પાસે હશે ત્યારે, બને તેટલું નીતિમય, પ્રમાણિક અને પરોપકારી જીવન જીવવું, જીવનમાં વધુ પડતો લોભ, મોહ કે સ્વાર્થ રાખવો નહિ, બીજાને ઉપયોગી થવા ત્યાગની ભાવના રાખવી, બીજાને દુઃખ પહોંચે મન દુભાય એવું કશુંજ કરવું નહિ, શક્તિ અનુસાર બીજાના દુઃખ દર્દોને દૂર કરવા માટે પ્રયત્ન કરવો, કોઈનું મન ના દુભાય તેનો ખ્યાલ રાખવો એજ સાચો ધર્મ છે.

મનુષ્યે એટલું તો નક્કી કરી લેવું જોઈએ કે તે બીજાને દગો દેશે નહિ, વિશ્વાસઘાત કરશે નહિ અને બીજાને છેતરશે નહિ.

સદાચાર અને પ્રમાણિકતાની કષ્ટદાયક સીડી-(નિસરણી) કરતા અપ્રમાણિકતા અને જુઠ-ફરેબની લીફ્ટ મનુષ્યને ઝડપથી ઊંચે લઈ જાય છે પરન્તુ આવી લીફ્ટમાં પતનનો એટલો જ ભય છે. (ક્યારેક દેખાય ભલે નહીં પણ એ પતન જ હોય છે.) **સંકલન: શ્રીપંચરત્ન જનસેવાકીય ટ્રસ્ટ, નડીઆદ. પ્રેષક: અરવિંદભાઈ પરીખ, નડીયાદ**

## પત્રપ્રસાદી

૧. પુ. વડીલ મુકુંદદાદાના અવસાને અંદરથી ખળભળી ગયો છું તેઓ આમ અચાનક વિદાય લેશે તે અકલ્પીત છે. તેમને ગુમાવતા ગૌશાળા જે થાંભલા જેવા વ્યક્તિના ટેકે એ વિશાળ વડલાની છાયામાં હતાં જાણે એ સૌ નોધારા થયાં. આખી ગૌશાળા રડે છે. ગુજરાતે ગાય માતાની માતા જેવા એક વ્યક્તિત્વ રૂપી ગાયના દરેક વિષયની જીવતી જાગતી યુનિવરસીટી ગુમાવી છે. તેમની શ્રધ્ધાંજલી સભામાં હજારો લોકો એ આંસુ સાથે પ્રાર્થના કરી ત્યાં તેમની ગુણાનુંવાદ સભામાં બેહજારથી વધુ લોકોની છેક સુધીની હાજરી રહી. પુ. મુકુંદદાદા એ તેમનું સંપૂર્ણ જીવન ગાય માતાને સમર્પિત હોય અને તેમનું ઊંડુ જ્ઞાન તથા તેનાં દરેક વિષયની સુઝબુઝ ધરાવતાં હોય તદ્દન પ્રમાણીક અને અણી શુધ્ધ આવડો મોટો વહિવટ ચલાવનાર નખશીખ સજ્જનતા અને સૌમ્યતા તથા સાદગીને વરેલા વ્યક્તિનો સ્વર્ગવાસ થતાં શુન્યવકાશ સર્જાયો છે. હવે મહાજન ગૌશાળાને બહુ જ લોકોનો સાથ સહકાર જોઈશે. - **દિલીપભાઈ શાહ, ટ્રસ્ટી મહાજન ગૌશાળા, ભાવનગર.**

૨. રાજવાણીના વિચારો, અધ્યાત્મ, ખેડૂતને સારો રસ્તો ચીંધે છે. સંતબાલજીની મધુરવાણી, સ્પષ્ટ વાત, નીખાલસ નિર્મળ અને પારદર્શક વ્યક્તિત્વ સાચાસંત અંકનું પ્રથમ પાનું વાચક માટે પારસમણીનું કામ કરે છે. પોતે ચોખ્ખું લોખંડ હોવું જરૂરી. ભીતબુદ્રક ગામની ગોબરગેસની વ્યવસ્થા ગમી. ગામડામાં આ પ્રચાર થવો જોઈએ ખૂબ લાભ થશે.- **લવજીભાઈ ચૌધરી.**

૩. દેવનાર સત્યાગ્રહ સમાપન પ્રભુકૃપાથી થયું જાણી આનંદ થયો છે. આપણા સહુને પ્રભુ પ્રેરણા આપે કે આપણે શાકાહારી, ફળાહારી બનીએ અને સર્વને સુખી કરી સુખી રહીએ. - **વસંતભાઈ, સર્વોદય આશ્રમ, માઢી ૩૮૨૮૬૦.**
**નોંધ : વસંતભાઈ પોતે વરસોથી ફળાહારી જીવન જીવે છે.**

૪. સાત્વિક સાહિત્ય જીવનને સાત્વિક બનાવવા માટે ઉપયોગી છે. આપની આ નિસ્વાર્થ સેવા સરાહનીય છે. મનુષ્યને પૂર્ણ બનાવવા માટે ઉત્તમ છે.- **બાબુલાલ ગોર, ભુજ (કચ્છ)**

૫. સમજણા લોકો ખેતી આધારિત જીવનશૈલી અપનાવે એવું સર્વોદયના ૩ સિધ્ધાંતમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. જે ખાય તે ખેતી-કામ અચૂક કરે આવું ગાંધી વિનોબાનું માનવું હતું.
જ્યારથી ઉદારીકરણના નામે ઉદ્યોગોને વિવિધ સવલતો આપી ઉપજાઉ જમીનો આપવાનું શરૂ થયું ત્યારથી ખેતીની અવદશા શરૂ થઈ. ખેતીનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતા ખેડૂતને પછાત-અભણ ગણી રસાયણ આધારિત ઉર્જા આધારિત ખેતી માટે લલચાવ્યો વેચાતું બિયારણ, ખાતર,દવા, મજૂરી, પાણી લીધા પછી ઉત્પાદનની ખાત્રી ન મળે તેવી ખેતીના રવાડે ચડાવ્યો એટલું જ નહી મબલખ પકવે ત્યારે ય ભાવ નક્કી કરે વેપારી. અત્યારે ૫૦ પૈસા થી ૧રૂા. કિલોના ભાવે બટાકા વેચવા પડે છે. કોલ્ડ સ્ટોરેજમાં વેપારીઓ બટાકા મૂકી આખું વર્ષ માગ્યા ભાવે વેચે અને અઢળક કમાય.
ખેડૂત પોતાનું ઉત્પાદન વેચી, પછી પોતાનું ખાવાનું વેચાતું લાવે પછી આ ગાડી પાટે ચડે ખરી? એટલે સમજુ લોકોએ ખેતી તરફ વળવું પડશે તેમ લાગે છે. અમરકંટકના બાબા નાગરાજજી પ્રેરીત 'જીવન વિદ્યા' શિબિરો ચાલે છે તે સાંભળવા જેવી છે.
**ધીરેન્દ્ર-સ્મિતા, સાકવા પો.સમારિયા, જિ.નર્મદા ૩૯૩૧૪૫**

**નોંધ:** ધીરેન્દ્રભાઈ-સ્મિતાબેન શહેરી જીવન છોડીને વરસોથી સાકવામાં સજીવ ખેતી કરી રહ્યા છે. બંને પૂત્રોને પણ સ્વયં શિક્ષણ આપેલ છે. સજીવખેતીની શિબિરોમાં પણ માર્ગદર્શન આપતા રહે છે.

## લવાજમ મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | સુરેશભાઈ ગાંધી | - | ઘાટકોપર |
| ૨. | ચીમનભાઈ પટેલ | - | તારાપુર |
| ૩. | કિશોરભાઈ ત્રિવેદી | - | બોરીવલી |
| ૪. | ભરતકુમાર વડેરા | - | કાંદિવલી |
| ૫. | વસંતભાઈ | - | માઢી |
| ૬. | બાબુલાલ ગોર | - | ભુજ |
| ૭. | દલપતભાઈ દોમડિયા | - | ઘાટકોપર |
| ૮. | આશાપુરા લાઈમ ડેપો | - | મલાડ |
| ૯. | અરવિંદભાઈ પરીખ | - | નડીયાદ, રૂા.૫૦૦/- |

<u>**નોંધ:**</u> આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.
<u>**ખાસ સુચના:**</u> ગ્રાહક નંબર, નામ, પત્ર, SMS કે ફોન ધ્વારા જાણ કરવા વિનંતિ છે. મો.નં.**07506750251**.

## પાના નં.૬ થી ચાલુ

પ્રજાના સાથ સહકાર વગર આ શક્ય નથી. આ નાગરિક તરીકે આપણી ફરજ છે. એ ફરજ બજાવશું તો હક તો આપોઆપ મળશે. આ ફરજ નથી બજાવતા તેથી અબજો અબજો રૂપિયાનો ખર્ચો સરકારને કરવો પડે છે અને ટેક્સ રૂપે એ આપણે જ ચુંકવીએ છીએ. મોંઘવારી- બિમારીનું આ પણ એક કારણ છે.

આપણે ઉર્જાની તંગી છે. એટલે પરમાણું ઉર્જાના પ્રકલ્પ સરકાર ઊભા કરી રહી છે. પણ ચેર્નોબીલ અને જાપાન સુનામીના પરિણામે પરમાણું ઉર્જા ભસ્માસુરનો અનુભવ દુનિયાને થઈ ગયો એટલે વિકસિત દેશો હવે નવા પ્રકલ્પો નાંખવાના વિચારેલ તે મુલતવી રાખ્યા છે. જુના પણ બંધ કરી રહ્યા છે. હવે એ ભસ્માસુરને ભારતને ગળે ભેરવવા માંગે છે. પણ જ્યાં પણ આવા પ્રકલ્પો ભાવનગર-જેતાપુરમાં નાંખવાના છે ત્યાં પ્રજાનો પ્રચંડ વિરોધ છે.

આપણે આ ભસ્માસુરથી બચવું હોય તો બચી શકીએ. આપણી ફરજ બજાવીને ઝીરો ગાબૈજ સીટી કર્યા વગર હવે છુટકો નથી.

સુખી થવાનો સરળ સહજ આ માર્ગ છે. આ દેશના બધાજ સંપ્રદાયના સાધુઓ આ કાર્યક્રમને સાથ સહકાર આપે તો આ કાર્ય સહજ સફળ થાય તેમ છે. ગોરક્ષાનો ઉપાય પણ એ માંજ છે.

સંભવામિ યુગે યુગેની વાત સાચી છે. પણ એવી સુંદર ધરતી તો આપણે કરીએ કે 'એ' ને આવવાનું મન થાય.- **તંત્રી**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...શ્રીમદ્ રાજચંદ્ર**

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

# એક માણસ પણ ઈતિહાસ બદલી શકે છે.

ઈરાનના મહાન સંત ફરીદુદ્દીન અત્તાર બહુ ખ્યાતિ પામ્યા હતા અને સાથે ઈરાનના લોકોની અપાર ચાહના પણ તેમને મળી હતી. સંત ફરીદુદ્દીન બહુ સરળ શબ્દોમાં લોકોને ઉપદેશ આપતા હતા અને અત્યંત સાદગીભર્યું જીવન જીવતા હતા.

એક વખત તુર્કસ્તાન અને ઈરાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું. ઈરાની યોદ્ધાઓ બહાદુરીપૂર્વક લડ્યા, પણ અંતે તુર્કસ્તાનની સેનાએ ઈરાનનો ઘણો વિસ્તાર જીતી લીધો. એ સાથે તુર્કસ્તાનની સેનાએ અનેક ઈરાની સૈનિકો અને ઈરાની નાગરિકોને બંદી બનાવ્યા. એમાં સંત ફરીદુદ્દીનનો પણ સમાવેશ થતો હતો.

ફરીદુદ્દીનને તુર્કસ્તાનના બાદશાહ સામે પેશ કરાયા અને કહેવાયું કે, 'નામદાર, આ માણસે ઈરાન વતી જાસૂસી કરીને તુર્કસ્તાનનું અહિત કર્યું છે એટલે તેને દેહાંતદંડની સજા ફટકારો.'

તુર્કસ્તાનના બાદશાહે પોતાના માણસોની વાત માનીને સંત ફરીદુદ્દીનને શૂળીએ ચડાવવાનો આદેશ આપી દીધો. સંત ફરીદુદ્દીનને શૂળીએ ચડાવવાનો આદેશ જારી કરાયો છે એવી ખબર પડી એટલે તુર્કસ્તાને ઈરાનનો જે પ્રદેશ જીત્યો નહોતો એ વિસ્તારના ધનાઢ્ય ઈરાનીઓ તુર્કસ્તાનના બાદશાહ પાસે પહોંચી ગયા. તેમણે તુર્કસ્તાનના બાદશાહને હાથ જોડીને વિનંતી કરી કે, 'તમે માગો એટલું સોનું, ઝવેરાત અને હીરા અમે આપીએ, પણ આપ સંત ફરીદીદ્દુનને છોડી મૂકો.'

તુર્કસ્તાનના સુલતાનને નવાઈ લાગી કે એક માણસ માટે ઈરાનના શ્રીમંતો પોતાની દોલત લૂંટાવી દેવા તૈયાર થયા છે. એવી તે શું વાત છે આ માણસમાં ?

એ દરમિયાન ઈરાનના સૈન્યના મહત્ત્વના સૈનિકો સામે ચાલીને તુર્કસ્તાનના બાદશાહ પાસે આવ્યા. એ સૈનિકોને કારણે તુર્કસ્તાનનું સૈન્ય ઈરાનનો બાકીનો પ્રદેશ જીતી શક્યું નહોતું. એ બહાદુર યોદ્ધાઓ સામે ચાલીને તુર્કસ્તાનના બાદશાહના શરણે આવ્યા એથી બાદશાહને અચરજ થયું. ઈરાનના બહાદુર યોદ્ધાઓએ તુર્કસ્તાનના બાદશાહ સામે મસ્તક ઝુકાવીને અરજ કરી કે, 'અમે અમારા જીવ આપવા તૈયાર છીએ પણ આપ સંત ફરીદુદ્દીનને મુક્ત કરો.'

તુર્કસ્તાનના બાદશાહે ફરીદીદ્દુનની મહત્તાની ખાતરી કરવા માટે એ યોદ્ધાઓને અને ઈરાનના શ્રીમંતોને કહ્યું કે, 'ઈરાનનો બાદશાહ મારી સામે હાજર થઈને અરજ ગુજારે તો હું ફરીદીદ્દુનને છોડી દઉં'.

થોડા કલાકમાં ઈરાનનો બાદશાહ તુર્કસ્તાનના બાદશાહનો પડાવ હતો ત્યાં હાજર થઈ ગયો. તેણે કહ્યું કે, 'નામદાર, તમે કહો તો મારું આખું ઈરાન તમારા ચરણે ધરી દઉં. મારું રાજ્ય જ નહીં, મારું જીવન પણ હું ન્યોચ્છાવર કરી દેવા તૈયાર છું. જોઈએ તો મને શૂળીએ ચડાવી દો કે મારો શિરચ્છેદ કરાવી દો, પણ તમે સંત ફરીદીદ્દુનને મુક્ત કરો.'

તુર્કસ્તાનના બાદશાહે કહ્યું, 'તમે લોકો ફરીદીદ્દુનને છોડાવવા માટે આટલા તત્પર કેમ છો? એનામાં એવું તે શું છે કે તમે એની મુક્તિ માટે કોઈ પણ કિંમત ચૂકવવા તૈયાર થયા છો? એની પાસે એવું તે શું છે કે તમે બધા તમારો જીવ આપવા પણ તૈયાર થયા છો?'

ઈરાનના બાદશાહે જવાબ આપ્યો: 'સંત ફરીદીદ્દુન પાસે જે છે તેની આગળ આખા ઈરાનની તો શું આખા જગતની ભૌતિક સંપત્તિ કે સમૃદ્ધિની કોઈ વિસાત નથી. ભૌતિક સંપત્તિ અને સમૃદ્ધિ તો ગમે ત્યારે નાશ પામી શકે પણ ફરીદીદ્દુન પાસે આધ્યાત્મિક સમૃદ્ધિ છે. એટલે એ દુનિયાભરના બાદશાહોનો પણ બાદશાહ છે.'

તુર્કસ્તાનના બાદશાહે સંત ફરીદીદ્દુનને મુક્ત કર્યા અને તેમના ચરણોમાં પડીને તેમની માફી માગી. તેણે કહ્યું કે, 'મને માફ કરી દો. હું તમારી આંતરિક અને આધ્યાત્મિક સમૃદ્ધિ જોઈ ના શક્યો.'

તુર્કસ્તાનનો બાદશાહ સંત ફરીદીદ્દુનનો શિષ્ય બની ગયો. તેણે અન્ય બધા કેદીઓને પણ મુક્ત કરી દીધા અને ઈરાનના બાદશાહ સાથે દોસ્તીનો હાથ લંબાવ્યો. તેણે ઈરાનનો જે પ્રદેશ જીતી લીધો હતો એ પણ પાછો આપી દીધો.

એક આધ્યાત્મિક માણસને કારણે ઈતિહાસ બદલાઈ શકે એનો પુરાવો સંત ફરીદીદ્દુનના જીવનનો આ પ્રસંગ છે. અને એક સાચો માણસ આખા દેશની પ્રજાનાં હ્રદય પર શાસન કરી શકે એનો પણ આ પુરાવો છે.- **આશુ પટેલ, મુંબઈ સમાચારમાંથી સાભાર.**

---

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ-૪૦૦ ૦૬૪.**
**મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧ થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**